3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૬

વર્ષ-૬ • અંક-૨૩૨ • સળંગ અંક - ૨૨૩૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૩૫.૪૫
સંવત - ૨૦૮૧
કારકત સુદ-૦૧, મંગળવાર
તા. ૨૧-૧૦-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૬.૧૦.૫૭

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**ગુંદાલા**ના **શ્રી જયંત રમણલાલ સતરા** (શાહ) (ઉ.૬૭) તા. ૧૮-૧૦-૨૫ના રોજ ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. ઝવેરબેન રમણલાલના પુત્ર. નાંગલપુરના નેણબાઈ લખમશીના દોહિત્ર. પ્રભાના પતિ. હેતલ, કેતનના પિતા. સેજલના સસરા. હેલીના દાદા. સ્વ. રોહિત, મનોજના ભાઈ. સ્મિતાના દેર. કિરણના જેઠ. કાર્તિક, જયદીપ, અમિત, ધર્મેશના કાકા. ડિમ્પલ, ઉર્વી, ખુશ્બુ, રાજવીના કાકાઈ સસરા. જીનય, અમાયરા, અવ્યાનના મોટા બાપા. નવાવાસના રતનબેન નેમચંદ, મોટી ખાખરના જાગૃત્તિ હીતીન વિક્રમ, ભોજાયના વર્ષા વસંતના ભાઈતુલ્ય. સં.પક્ષે પ.પૂ. નિરંજન મુનિ, પ.પૂ. ચેતન મુનિના ભત્રીજા. ભોરારાના કેસરબેન વિશનજીના જમાઈ. સમાઘોઘાના દેવકાબાઈ રાયશીના દોહિત્રીવર. શાંતિલાલ, હર્ષદ, સુશીલા, હિનાના બનેવી. ઈલા, ભાવનાના નણંદોઈ. પત્રીના છોટાલાલ કાનજી, રતાડીયાના હિના પ્રવિણચંદ્રના સાઢુભાઈ. નવાવાસ જયવંતીબેન વિરેન્દ્ર, બિદડાના શીલાબેન લક્ષ્મીચંદ, નૂતન ત્રંબૌના જવેરબેન નેમચંદ, તેરાના રશ્મીબેન પ્રતાપ, કાંડાગરાના શિલ્પાબેન નિતિનના વેવાઈ. **પ્રાર્થના : ટીપટોપ પ્લાઝા, ચેકનાકા, થાણા (વે). ટા. ૩ થી ૪.૩૦.** નિ. : શ્રી જયંત શાહ, સી-૨૩, ઈન્દ્રપ્રસ્થ, જે.એન. રોડ, મુલુંડ (વે), મું-૮૦. હેતલ-૯૮૩૩૨૨૬૬૯૯, કેતન-૯૮૩૩૧૧૧૧૧૧, મનોજ-૯૮૨૦૦૪૬૮૦૧, કાર્તિક-૯૮૩૩૫૫૫૫૫૫.

4/1/1 --------- (1-5)



**કોટડી (મહાદેવપુરી)**ના **નવીનકુમાર લીલાધર ગોસર** (ઉં ૭૩) તા. ૧૯-૧૦-૨૦૨૫ના માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. હિરબાઈ લીલાધર માણેકના સુપુત્ર. સ્વ. ખેતબાઈ દેવરાજ ખીમજીના દોહિત્ર. અમૃતબેન, વિમળાબેન, સ્વ. સતિષ, મુલવંતીબેન, વિનોદ, વિપુલના ભાઈ. હિના વિનોદ, પારૂલ વિપુલના જેઠ. રાયધણજરના જીવરાજ નાનજી, ગઢશીશા ખીમજી શામજીના સાળા. કદેરના પ્રિયા મયુર ઔરાદે, ઝેનિલ, સાહિલના કાકા. સ્વ. નાનબાઈ માણેકના પૌત્ર. સાકરબેન કલ્યાણજી, વિજયા મણીલાલના ભત્રીજા. લક્ષ્મીબેન માવજી, નિર્મળાબેન નાનજી, વિંઝાણ જવેરબેન કલ્યાણજી, મંજલ રેલડીયા જેતબાઈ જીવરાજ, ભોજાય કેશરબેન ખીમજી, વીઢ પાનબાઈ વિરજીના ભાણેજ. ગોધરોના પ્રિતી પરેશ, ડુમરાના જીજ્ઞા નિરવ, સ્વ. પુષ્પા, સ્વ. અતુલ, તરુણ, હરીશ, અમીષના મામા. ગીતા, મમતા, મિતલના મામાઈ સસરા. ગઢસીસાના સ્વ. વાલબાઈ મોરારજી ગડા, તલવાણા કુસુમબેન નાગજી છેડા, કદેર (સોલાપુર)ના સુરેખા વિલાસ ઔરાદેના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિવાસ : વિનોદ ગોશર, ૨૦૧/૪/૫, ફેનીલ બિલ્ડીંગ, ધોબીઆળી, માવલી મંડળ સ્કૂલની બાજુમાં, થાણા (વેસ્ટ) ૪૦૦૬૦૧. વિનોદ ગોસર -૯૮૨૧૧૫૬૬૨૪, હિના ગોસર-૯૧૬૭૫૪૪૬૫૧, વિપુલ ગોસર-૯૯૮૭૨૪૭૨૪૧.

4/1/1 --------- (1-5)



**મેરાઉ**ના **હેમચંદ લાલજી ગાલા (ભગત)** (ઉ. વ ૭૬) તા. ૧૮/૧૦ ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. ગંગાબાઈ ભાણજી ના પૌત્ર. ખેતબાઈ લાલજીના પુત્ર. પ્રફુલાના પતિ. બ્રિજેશ, ઝિંકલ, દિપેશના પિતા. કૃપા, પારસ ના સસરા. હિઆનના દાદા. રતિલાલ, નવીન, રાજેન્દ્ર, નીલાના ભાઈ. હ. મંજલ નાનજી દામજીના સાલ. નિર્મલા, છાયાના જેઠ. ગાંગજી, શામજી, રામજી, જેઠાલાલ, લક્ષ્મીચંદ, નવાવાસ તેજબાઈ/કુંવરબાઈ છગન, લાયજા સુંદરબેન ખીમજીના ભત્રીજા. રાયણ વેજબાઈ વેલજી વાગાના દોહિત્ર. કુંવરજી, કેશવજી, જખીબાઈ, રતનબાઈના ભાણેજ. મોખા સુંદરબેન ભવાનજી ભેદાના જમાઈ. કુંવરબાઈ રવજીના પૌ. વર. દિનેશ, પ્રવિણ, શાંતિ, નિતીન, મંજુલા, ઈંદુના બનેવી. બેરાજા સુરેશ જેઠાલાલ, ભુજપુર શોભન ખીમજીના સાઢુ. ઉશા, જયશ્રી, સુનીતાના નણંદોઈ. રામજી, ચાંપશી, લાલજી, મગનલાલ, સાડાઉ નાનબાઈ પદમશી, લુણી સુંદરબાઈ મેઘજીના ભ. વર. પત્રી હીરબાઈ પાસુ લખમશીના દો. વર. વડાલા શીલા મણિલાલ શેઠિયા, કોડાય ભારતી નવીન લાલનના વેવાઈ. હિરેશ, દર્શન, ખુશ્બુ નિકેશ કોઠારીના મો. બાપા. દિપા,સોનલ, ભક્તિ, હેનલ ના મામા. કાંડાગરા શીતલ સચિન, રોનિત, વંશ ના માસા. જય, યુગ, માહી ના ફુઆ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. બ્રિજેશ ગાલા, બી/૧૭, શ્રી ઓમ શ્રધ્ધા, તુલિંજ રોડ, નાલાસોપારા (પૂર્વ) ૪૦૧૨૦૯. બ્રિજેશ - ૮૮૯૮૧૫૭૭૭૩

4/1/1 --------- (1-5)



**નવાવાસ**ના **ભગવતીબેન પ્રેમજી વિસરીયા (શાહ)** (ઉ.વ. ૭૯) તા.૧૮-૧૦-૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે. વેજબાઈ શિવજી ટોકરશીના પુત્રવધુ. પ્રેમજીના પત્ની. અનિલા, સુનિલ, જીતેન્દ્રના માતૃશ્રી. શીલા, મંજુલા, ગોધરાના હસમુખ આણંદજી રાંભિયાના સાસુ.જય, જશ, પ્રથમના દાદી. અમીશાના મોટા સાસુ. હર્ષ, કુંજલના નાની તુલ્ય. લાયજાના લક્ષ્મીબેન કલ્યાણજી છેડા, ભારાપરના કસ્તુરબેન ઝવેરીલાલ ગાલા, નવાવાસના લીલાવંતી નાનજી મોતા, મુલબાઈ ધનજી ગડાના ભાભી. ભારાપરના મઠાબાઈ જેઠાલાલ સાવલા, કોડાયના સાકરબેન વેલજી માલદેના ભત્રીજા વહુ. રાયણના નાનબાઈ મેઘજી લખમશી નંદુના પુત્રી. ગાંગજી, પ્રેમજી, કલ્યાણજી અને નાગલપુરના વેલબાઈ નાનજી ગંગરના બેન. હીરબાઈ, તેજબાઈ, લીલાબેનના નણંદ, ડોણના ડેમીબાઈ કોરશીના દોહિત્રી. ગોધરાના મણીબેન આણંદજી રાંભિયા, બીલીમોરાના કમળાબેન મંગુભાઈ પટેલ, ભીખીબેન ડાહ્યાભાઈ પટેલના વેવાણ, ભુજપુરના વાસંતી રાજેશ ભેદાના મોટા વેવાણ. રાયણના નવનીત પરિવારના ફોઈ તુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** (૧૨ નવકાર ગણવા) ઠે. સુનિલ વિસરીયા, એ/૪૦૪, ઝી હાઈટ્સ, શ્રદ્ધાનંદ રોડ, વિલે પારલે (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૭. સુનિલ -૮૩૬૯૨૩૯૫૧૨, જીતેન્દ્ર-૯૩૨૦૨૯૯૮૯૯, હસમુખ-૯૧૬૭૫૫૯૭૯૩.

4/1/1 --------- (1-5)

PROJECT VEER
A Veteran Second Innings Foundation Initiative

Jai Hind!
Jai Jinendra!



દેશદાઝની પ્રબળ ભાવના સાથે દેશની સુરક્ષા માટે પોતાની જિંદગીના સર્વોત્તમ વર્ષો ન્યૌછાવર કરનાર સૈનિકો અને એમના પરિવારજનો ના ઉત્થાન માટે કાર્ય કરતી સંસ્થા

"Project Veer"

દ્વારા બધાંજ દેશપ્રેમી ભારતીયોને

શુભ દીપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ !

(CLC-13135)

Dhiraj Dharod (PATRI) - 93242 88767 / Foram Dharod - 91368 08767
Manju Pasad (DEDHIA) - 93230 70062

6th Floor, Cosmos Vijay, Shivaji Path, Thane. www.projectveer.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

### તા. ૨૧ ઓક્ટોબર-સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

સ્વ. માતુશ્રી ચંચળબેન ઝવેરચંદ ગડાનાં જન્મદિન નિમિત્તે શ્રી ગિરીશ ઝવેરચંદ ગડા (મોટા લાયજા) તરફથી.

- ચિ. ત્રિશલા રસેશ બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખર)નાં જન્મ દિવસ નિમિત્તે હસ્તે બિપિનચંદ્ર જૈન તરફથી.
- પૌત્રી ચિ. પ્રિશા ડોલી મિહીર ગાલાનાં જન્મ દિન નિમિત્તે શ્રીમતી અલ્કા કાંતીલાલ ગાલા (કાંડાગરા) તરફથી.
- સ્વ. માતુશ્રી લક્ષ્મીબેન નાનજી હરીઆ (બાડા)ની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે શ્રીમતી હીરાવંતી હીરજી દેઢિયા (ગોધરા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(1) --------- (A-13085)(1-5)

## જીવદયા અનુદાન

### ઓમ શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર ના.સો.સં. ઉમરગામ પાંજરાપોળ

શ્રી પાર્શ્વચંદ્ર ગુણ પુનમ ગુરૂવે નમઃ ૩૦૦૦/- ધવલ પ્રવિણચંદ્ર વાલજી રાંભીયા-નાના ભાડીયા-વાશી, ૨૫૦૦/- શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ માતુશ્રી પ્રેમીલાબેન, ભાનુમતી ભીમશી હાજાભાઈ નિસર ખારોઈ જૈન સંઘ સ્થાનક, ૧૧૦૦/- હરખચંદ પ્રેમજી છેડા લાયજા ઉમરગામ, ૨૦૦૦/- કુશલ તથા કીંજલ ઘાટકોપર ૧૦૦૦/- સ્વ. તારાબેન તલકશી જેઠા ધરોડની ૧૭મી પુણ્યતિથિ નિમિત્તે હ. અશ્વિન ધરોડ-પત્રી/ના.સો., ૧૦૦૦/- સ્વ. કાંતીલાલ હંસરાજ શાહના આત્મ શ્રેયાર્થે સાડાઉ, ૧૦૦૦/- હર્ષલ રોહીત શાહ સાડાઉ, ૧૦૦૦/- અમૃતબેન રમણીકલાલ સાયન. દાતાશ્રીઓનો આભાર. લિ. ટ્રસ્ટીગણ : જનક નિસર-વડાલા-૯૮૨૦૫૦૯૦૬૩.

4/1/1(8) --------- (A-13106)(1-5)

**જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે**

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. સવારે ૯ વાગ્યેથી સાંજે ૯ વાગ્યા સુધી (9 am to 9 pm) ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે એમ જી ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાનાં-300/- (ઓપરેશન વગર), રૂટ કેનાલ-1000/- એક્રેલીક દાંતની કેપ-400/-, સીરામીક કેપ 2000/- ઝેરકોનીયા કેપ-5200/-, દાંતની બત્રીસી-9000/- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ-22000/- દાંતનાં ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણસીભાઈ ગાલા, જે.એમ.જી.ક્લીનીક અંધેરી (વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રીસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી (વેસ્ટ) રેલ્વે સ્ટેશનની સામે, .ફોન : 8433742300, 7718885245.

4/1/1(6) -------- (B-12966)(2-10)

**મફત ઓપરેશન (ચશ્માનાં નંબરથી મુક્તિ)**

આપણા સમાજ માટે અને ઈતર સમાજ માટે મફત માં ચશ્મા ના નંબર કાઢવાનું ઓપરેશન. પ્રથમ ૧૦૦ પેશન્ટ માટે. ડોક્ટર જીગ્નેશ ગાલા દ્વારા સંચાલિત સંપર્ક કરો : ૭૭૧૮૮૮૫૨૪૫. પત્રિકાની જાહેરાત લાવવા વિનંતી. દાતા : શ્રીમતી જવેરબેન મણસીભાઈ અવચર ગાલા (ગામ : ઘાણીથર) એડ્રેસ : બી-૧૨૫, ગ્રાઉન્ડ ફ્લોર, લારામ સેન્ટર, એસ.વી. રોડ, અંધેરી વેસ્ટ સ્ટેશન પાસે.

4/1/1(5) -------- (B-12959)(2-11)

**માંગલિક પ્રસંગોનું થાશે...આગમન દાગીના ખરીદવાનો કરીએ...શુભારંભ**

રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ (ઘાટકોપર)નું નિમંત્રણ.

- લગ્નસરા માટે ગોલ્ડ અને ડાયમંડમાં મનગમતી ડીઝાઈનો તથા મનમોહક દાગીનાનું વિશાળ કલેક્શન આપનું મન મોહી લેશે. વ્યાજબી ઘડામણી, વહેવારમાં પ્રમાણીક્તા સાથે આત્મીયતા થકી કચ્છી સમાજનાં વર્ષોથી લોકપ્રિય જ્વેલર્સ.
- 'રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ' ગાયત્રી ધામ, દેરાસર લેન-એમ.જી.રોડ જંક્શન, ઘાટકોપર (ઈસ્ટ) મો. 8767863132. તરૂણ સાવલા-રચિત સાવલા (કોડાય)

4/1/1(7) -------- (B-13109)(1-5)

**પધારો સ્વાદમાં કોડાય પુલ ચોકડી કચ્છ**

કચ્છના પ્રખ્યાત ગૃહઉદ્યોગના ફરસાણ, મીઠાઈઓ, અંજનાના પેડા, સાટા, શિવશક્તિની સેવ-ગાંઠીયા, ફરસાણ, ગાયના દુધના કચ્છી પેડા, ગાયનું વલોણાનું ઘી, તાજાસ (ખાવડા)ની મીઠાઈઓ, ધ્રુણઈના પકવાન, ભુજપુર અને પત્રીના અથાણા, ગોપાલની ચીક્કીઓ, દાબેલીનો મસાલો, શીંગ, મુખવાસની અવનવી વેરાયટીઓ, બીજોરા, આમળા, નેચરલ શરબતો, સં.મેહુલ શાંતિલાલ રાંભીયા (રાયણ), 'સ્વાદ સ્વીટ' કોડાય પુલ ચોકડી, ૭૨ જિનાલયની બાજુમાં, મો.૯૮૧૯૧૧૪૪૯૯, ૯૮૬૭૪૦૫૧૪૫.

4/1/1(10) -------- (B-13113)(4-2)

# કચ્છી મહિલા ફેડરેશન

**મેડીક્લેઈમ પ્રિમીયમ સહાય માટે વિશેષ નોંધ**

**મહિલા મેડીકલેઈમ પ્રીમીયમ ફંડ - કાયમી દાતાશ્રીઓ**

૧) શ્રીમતી નવલબેન ઉર્ફે કસ્તુરબેન કલ્યાણજી નાગડા (વીઢ)
૨) શ્રીમતી શાંતાબેન દામજી શાહ તથા શ્રીમતી જયવંતીબેન જાદવજી શાહ એંકર પરિવાર (કુંદરોડી)
૩) શ્રીમતી પાનબાઈ વલ્લભજીભાઈ ગડા (માટુંગા-બાડા-વિકાસ ગ્રુપ)
૪) શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર પોલડીયા (તલવાણા-અમદાવાદ-નવનીત) (*1207)

ના સહયોગથી ક.વિ.ઓ. સમાજના ૫૨-૪૨ ગામોના મહાજન, મંડળ દ્વારા મેડીકલેઈમ પ્રિમીયમમાં સહાય ન અપાતી હોય તેવા ગામોની જરૂરિયાતમંદ મહિલાઓને મેડીકલેઈમ પ્રિમીયમમાં સંસ્થા દ્વારા નિયત કરવામાં આવનાર સહાય તેમ જ ૬૦ વર્ષથી ઉપરની જરૂરિયાતમંદ મહિલાઓને વિશેષ સહાય આપવામાં આવશે.

**ડોંબિવલી, નાલાસોપારા, માટુંગા મધ્યે સહાયના ફોર્મ નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ભરવાના રહેશે.**

સંસ્થાની મુખ્ય પ્રવૃતિ : કચ્છી મહિલા ફેડરેશન સંચાલિત જયાબેન વિસનજી મારૂ (બિદડા) મહિલા મેડીકલ ફંડ

**ઉપરોક્ત પ્રવૃત્તિ માટે બુધવાર ૨૨-૧૦ ના કાર્યાલય બંધ**

મહિલા મેડીકલ ફંડ સહાય માટે નુતન વર્ષ નિમિત્તે આવતી કાલે બુધવાર, તા.૨૨-૧૦-૨૦૨૫ ના કાર્યાલય બંધ રહેશે. લાભાર્થીઓ નોંધ લેવા વિનંતી.

લિ. મહિલા મેડીકલ ફંડ મુખ્ય કમિટી : ભારતીબેન નવીન ગંગર, જ્યોતિબેન ઝવેરીલાલ સાવલા રમીલાબેન કાંતિલાલ સાવલા, પાનબાઈ વલ્લભજી ગડા તથા સહ કમિટી

NEEL PARI - 9322299742

**(JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે સૂટકેસ / બ્રીફકેસની ખરીદી કરવી નહીં. (પરિગ્રહ સંજ્ઞા પર વિજય મેળવવા.)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(2) -------- (A-13087)(2-7)

**મહાબળેશ્વર હોટલ બુકીંગ, પેકેજ ટુર નીતા શાંતીવીલા, સાકેત પ્લાઝા, ઈશ્વર ઈન**

૨ રાત્રી તથા ૩ રાત્રીના પેકેજ ઓફ સીઝનના દરે ઉપલબ્ધ છે. ભારત બેંઝ, Ac સીટીંગ / સ્લીપર બસથી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા. સાઈટ સીન સાથે સ્વીમીંગ પુલ, પ્લે ગ્રાઉન્ડ, પાર્કિંગ, ઈન્ડોર, આઉટ ડોર્સ ગેમ સુવિધા. પ્યોર વેજ, જૈન પણ, પંજાબી, ગુજરાતી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, હાઈજેનીક બ્રેકફાસ્ટ, લંચ, ડિનર ઉપલબ્ધ છે. શુભ પ્રસંગો અને અન્ય કાર્યક્રમો માટે Lawn ઉપલબ્ધ છે.

- સંપર્ક : નીતા ટ્રાવેલ્સ - 8652222690, 8652222656, 8652222825.

2/1/1(11) -------- (B-13111)(1-5)

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)**

૧૧૯૦૦/- માતુશ્રી જવેરબેન હીરજી છેડા-લાયજા, ૧૧૯૦૦/- હર્ષદકુમાર કેશવજીભાઈ ગોસર-ગોધરા, ૧૧૧૧૫/- શાંતીલાલ દામજી શાહ-નાગલપુર, ૯૯૦૦/- રમીલાબેન શાંતિલાલ ફુરિયા-નાગલપુર, ૮૫૦૦/- અમૃતબેન શામજીભાઈ છેડા-મોટા આસંબીયા, ૧૦૮૦૦/- નિર્મલા ચંદ્રકાંત છેડા તથા હંસાબેન લક્ષ્મીચંદ છેડા- કાંડાગરા, ૭૬૦૦/- સુંદરબેન શામજીભાઈ ફુરિયા-નાગલપુર, ૭૨૧૫/- આ.વા. ચંદ્રેશ યોગેન્દ્ર ધુલા તરફથી - સુથરી, ૬૫૦૦/- મહેશ કલ્યાણજી છેડા-નાંગલપુર. દાતાઓનો ખૂબ ખૂબ આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ. ટે.: 9004646044 / 022-66153404.

2/1/1(3) -------- (A-13024)(1-5)

**જય શ્રી સચ્ચા મા જય શ્રી રામદેવપીર શ્રી રામદેવપીર મંદિર મલાડ - ઓર્લમ**

જય જિનેન્દ્ર. નવું વર્ષ કારતક સુદ બીજ તા. ૨૩-૧૦-૨૫, ગુરૂવારનાં છે એ નિમિત્તે મંદિરમાં સવાર-સાંજ મોટી આરતી થશે. સાંજની આરતી ૭.૩૦ વાગે હંમેશા મુજબ લકી ડ્રોથી થશે. તો સર્વ ભાવિકોને નવા વર્ષનાં આશીર્વાદ લેવા જરૂરથી દિવસ દરમ્યાન અથવા સાંજની આરતીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પ્રસાદ માટે ચોકલેટ અથવા સાકરીયા લઈ આવી શકો છો. મીઠાઈ નહીં. અખંડ જ્યોત માટે ૦।। કીલો સુધી ઘી લઈ આવી શકો છો. લિ. શાંતીલાલ શામજી કેનીયા. એડ્રેસ : મદ્રાસ ચાલ, ટેંક રોડ, ઓર્લમ, મલાડ (વે.) શંકરગલી નાકા, સુરાણા હોસ્પીટલની સામે.

4/1/1(9) -------- (A-13117)(1-5)

# આભાર

**વિશેષ આભાર**

ચંદ્રકાંત ખેતશી વીરા અને મણિલાલ લાલજી સાવલાના અંતિમ વિધિ અને એમ્બ્યુલન્સ સેવા માટે આભાર શ્રીમતી બીનાબેન રાજેશ છેડા (JUST IN TIME) ગામ - બિદડાના સ્મરણાર્થે સંચાલક : શ્રી કે.વી.ઓ. દ્રષ્ટિ ફાઉન્ડેશન ફોર ધ બ્લાઈન્ડ. લિ. પરિવારજનો.

2/1/1(13) -------- (B-13134)(1-5)

**"Accounts" & "Tax" ના કામોની ચિંતા... "9 Records" પર છોડો !!!**

રોજિંદા Accounts Management થી નિવૃત્ત થઈ Business ના વિકાસમાં ધ્યાન આપવું છે ?

- શું Accounts અને Internal Management Control માટે કોઈ સલાહકારની જરૂર છે ?
- શું તમને Income Tax/TDS/GST Return File કરવા કોઈ અનુભવી વ્યવસ્થાપકની જરૂર છે ?
- આ બધી ચિંતાઓથી મુક્ત થવા, સંપુર્ણ Computerized Accounts Management માટે Supervision & Overview of Accounts માટે, Formation of Company LLP & ROC Filing માટે Contact Us.
- Our Speciality
- ૨૫ વર્ષથી પણ વધુ વર્ષનો બહોળો અનુભવ.
- ૩૦ થી વધુ લોકોનો કર્તવ્યનિષ્ઠ Trained Staff.
- મધ્ય મુંબઈ (દાદર) જેવા એરીયામાં ઓફિસ.
- 9 Records LLP, (Panchsheel Group) Dadar (W) Ph. 24212812, 35409583. website : www.9records.in.

4/1/1(12) -------- (B-13110)(3-13)

**તન-મન ટુર અને ઈન્ટરનેશનલ દ્વારા દિપોત્સવની વધાઈ, નુતન વર્ષાભિનંદન!**

શિખરજી બારે માસ, અયોધ્યા, કચ્છ રણોત્સવ, દુબઈ, વિયેતનામ, શ્રીલંકા મો. 9323360708. (૧૧.૩૦ થી ૬)

2/1/1(4) -------- (N-13065)(1-5)

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(14) -------- (B-13136)(4-10)

**વિદેશ જતા પર્યટકો, વિદ્યાર્થીઓ, ગરમ કપડાની ખરીદી પંચશીલ દાદરથી**

**વિદેશ તથા હિલ સ્ટેશને ફરવા જતા પરિવારો, કારકીર્દીના ઘડતર માટે Out of India જતા વિદ્યાર્થીઓ આપના ગરમ કપડાની ખરીદી માટે આવો દાદર પંચશીલમાં. Pure Wool, Wool Markનાં લેડીઝ, જેન્ટસ, થર્મલવેર, કેપ, ગ્લોઝ, મફલર, સોક્સ, સ્વેટર, બ્લેનકેટ, વુલન શોલ વગેરે મળશે. તમારી એક મુલાકાત ૧૦૦% અમારા કાયમી ગ્રાહક બની જશો. બેસ્ટ ક્વોલીટી ગ્રાહક સંતોષ એજ અમારો ધ્યેય. ફેમીલી શોપીંગ એટલે જ 'પંચશીલ'. શ્રી બિલ્ડીંગ, રાનડે રોડ, દાદર (વે.), સ્ટે. થી બે મિનિટ. ફો. 022-40150299, 9619631151 (સોમવાર બંધ) Since 1965.**

2/1/1(1) -------- (B-13112)(4-11)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

## મારા ગુરૂ અને માર્ગદર્શકને ભાવભરી શ્રદ્ધાંજલી...

# શ્રી જયંત
## રમણલાલ સતરા (શાહ)

કચ્છ : ગુંદાલા • મુંબઈ : મુલુંડ/પુના | અરિહંતશરણ : તા. ૧૮/૧૦/૨૦૨૫



આપ માત્ર એક વ્યાવસાયિક માર્ગદર્શક નહોતા,
પણ જીવનને જોવાનો એક દ્રષ્ટિકોણ શીખવનાર વ્યક્તિ હતા.
તમારી દૂરંદેશી વિચારશક્તિ અને અડગ
આત્મવિશ્વાસ અમારા માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે.
આપની વિદાય મારા માટે વ્યક્તિગત ખોટ છે
ગુરુ, મિત્ર અને માર્ગદર્શક તરીકે જયંતભાઈ, આપની યાદ,
શિખામણ અને આશીર્વાદ હંમેશા હૃદયમાં જીવંત રહેશે.
પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ અંતરની પ્રાર્થના...

(CLC-13131)

આપનો શિષ્ય
**પ્રફુલ ચાંપશી ગાલા (ગામ ગુંદાલા)**

**પ્રાઈમ સ્ટીલ** વાશી– નવી મુંબઈ

KHABAR PATRIKA : 8104209392

---

## શ્રી ટેંબીનાકા અચલગચ્છ જૈન સંઘ - થાણા
ગીતા સ્મૃતિ પેઢી, વીરા આરાધના ભવન, શ્રી મુનિસુવ્રત સ્વામિ દેરાસરની સામે, ટેંબીનાકા, થાણા (વેસ્ટ) – ૪૦૦ ૬૦૧.

### અમારા સંઘના ટ્રસ્ટી શ્રી જયંતભાઈ શાહ ને
### આદરાંજલી

# શ્રી જયંતભાઈ
## રમણલાલ સતરા (શાહ)



કચ્છ : ગુંદાલા ▪ હાલે : મુલુંડ
દેવલોકગમન : તા. ૧૮-૧૦-૨૦૨૫

ભાવભરી આદરાંજલી

પ્રેમ- હૂંફના પરિમલમૂર્તિ, ગુણો–આદર્શોના અણમોલ ભંડાર,
સ્નેહભીની લાગણીઓથી અલંકૃત
શ્રી જયંતભાઈના આત્મા પ્રતિ અશ્રુનયને ભાવવંદના...

- શ્રી ટેંબીનાકા અચલગચ્છ જૈન સંઘ-થાણા (વે)
- શ્રી થાણા અચલગચ્છ શ્રાવિકા સામાયિક મંડળ-થાણા
- શ્રી થાણા કેશરીયા ગુણ મહિલા મંડળ-થાણા
- શ્રી ટેંબીનાકા અચલગચ્છ જૈન યુવા મંડળ
- શ્રી ચંદનબાળા સામાયિક મંડળ-થાણા
- શ્રી શ્રાવક સામાયિક મંડળ-થાણા
- શ્રી આદિનાથ મહિલા મંડળ-થાણા
- શ્રી ઈંદ્રાણી સ્નાત્ર મંડળ-થાણા

(CLC-13126)

---

## આત્મીય સંબંધોને સુપેરે જાળવનાર
## સ્નેહીથી પણ વિશેષ પરમ મિત્ર જયંતભાઈ ને મિત્રાંજલી
### પિતાતુલ્ય પ્રેમાળ કાકાશ્રીને ભાવભરી શ્રદ્ધાંજલી

# શ્રી જયંતભાઈ
## રમણલાલ સતરા (શાહ)
(ગુંદાલા - મુલુંડ)



ટીપટોપ ઈન્ટરનેશનલ - પૂના
વસમી વિદાય : તા. ૧૮-૧૦-૨૦૨૫

વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી,
જીવન એવું જીવી ગયા કે સૌના દિલમા વસી ગયા,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા
જે તમારી યાદરૂપે અમારા હૃદયમાં વસી ગયા...


કાકા, તમે વાત્સલ્યમૂર્તિ હતા, બન્યા હવે અનંત!
રહેશો સદાય અમારી સ્મૃતિઓમાં જીવંત!

હે પરમાત્મા ! શ્રી જયંતભાઈના આત્માને
પરમ શાંતિ આપજો અને
સમસ્ત પરિવારને મિત્ર પરિવારની દિલસોજી.

(CLC-13128)

લિ. : આત્મીય મિત્ર પરિવાર
**પુષ્પાબેન પ્રકાશ સાવલા (ભુજપુર - થાણા)**
**નિરાલી હરેન (રાજન) શાહ (બિદડા - મુલુંડ)**

BINITA S. MARU - 9869034162



Unforgettable Personality

# શ્રી જયંતભાઇ

## રમણલાલ સતરા (શાહ)

ગુંદાલા - મુલુંડ

અરિહંત શરણ : તા. ૧૮-૧૦-૨૦૨૫

(ટીપટોપ ઈન્ટરનેશનલ - પૂના)

A Bond Beyond **Blood**

Fond Tribute to **Our Beloved Brother**

મૈત્રી અને મિત્ર શબ્દને અક્ષરસઃ પુરવાર કરનાર સરળ અને સહૃદયી મિત્ર,
ભાઈતુલ્ય શ્રી જયંતભાઈની વિદાય....
સદા પ્રફુલિત ચહેરો, કદીય ના મુરઝાયો, નિરાશાનો સૂર કદીય ના સંભળાયો,
સબંધ બાંધ્યા મૈત્રીના એવા અતુલ્ય... બની ગયા હૃદયથી ભાઈતુલ્ય...
ફરી ફરી આવશે યાદ, રહેશે એક ફરિયાદ, હસતા રહેવુ એમ કહેનાર સદા...

**કેમ કહી ગયા અલવિદા...**

રતનબેન નેમચંદ વીરા.....(નવાવાસ)
જાગૃતિ હિતીન વિકમ..(મોટી ખાખર)
વર્ષા વસંત નાગડા..........(ભોજાય)

(CLC-13123)

BINITA S. MARU - 9869034162

# કલ્યાણમિત્રોની ભાવાંજલી



## શ્રી જયંતભાઈ રમણલાલ સતરા (શાહ)

**ગુંદાલા - મુંબઈ**

**અરિહંત શરણ : તા. ૧૮-૧૦-૨૦૨૫**

સ્વપ્નદ્રષ્ટા અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા,
નિર્ણાયક શક્તિથી સમૃદ્ધ,
હંમેશા જીંદાદિલ રહેનારા
કોઈપણ પરિસ્થિતિને
પહોંચી વળનારા હિંમતવાન,
કર્તવ્યનિષ્ઠાના અડગ પ્રતિક સમાન,
માતાજી પ્રત્યે પરમ શ્રદ્ધાવાન,
જીવદયા અને માનવતાપ્રેમી
વિરલ વ્યક્તિત્વની વિદાય
માત્ર એક વ્યક્તિની નહીં,
પણ
એક મૂલ્ય પ્રેરક યુગની વિદાય છે.
તેમના વિચારો, સંસ્કાર અને
સેવા ભાવ સદા હૃદયમાં જીવંત રહેશે.

**શોકાતુર : ગુંદાલાનું મિત્રવર્તુળ** (CLC-13125)

**મણીલાલ લાલજી છેડા** | **દિનેશ વીરજી સાવલા**
**અશ્વિન હીરજી સતરા** | **અનિલ રામજી (બાબુભાઈ) સતરા**

BINITA S. MARU - 9869034162

# ઝીંદાદિલ પારિવારિક મિત્રને મિત્રાંજલી...



ગામ ગુંદાલા | હાલે મુલુંડ

## શ્રી જયંતભાઈ રમણલાલ સતરા (શાહ)

(CLC-13127)

પ્રેમ અને લાગણીથી લહેરાતા સાગર હતા તમે...
પારિવારીક સંબંધોને આત્મીયતામાં પલટાવનાર હતા તમે...
આપના હૃદયની વિશાળતા, વાણીના વાત્સલ્યતા અને સ્વભાવની સરળતા
અમારા જીવનમાં એવી કોતરાઇ ગઇ છે, જે આપની યાદોને સદા જીવંત રાખશે
આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ અરિહંત પ્રભુ શાશ્વત સુખ
અને મોક્ષગામી બનાવે એજ મિત્ર પરિવારની ભાવભીની પ્રાર્થના....

**ભાવના હસમુખ ગોગરી (ટોડા)** | **શૈલી પિયુષ ગંગર (કાંડાગરા)**
**પ્રાચી ગૌરવ ગોગરી** | **ભક્તિ નિખિલ સાવલા (બિદડા)**
**હેતલ હસમુખ ગોગરી** | **નિતા દિલેષ વીરા (નવાવાસ)**

BINITA S. MARU - 9869034162

# માવિત્ર પરિવારની અશ્રુભીની શ્રધ્ધાંજલી

જીવન અને મૃત્યુ એ કુદરતી ક્રમ છે.
પણ જ્યારે અણધાર્યુ આવી પડે તેનું દુઃખ અસહ્ય બને છે...
પ્રભુએ આવા ક્રુર ન થવું જોઈએ એવી દયા ભરી પ્રાર્થના...
સિવાય બીજુ આપણા હાથમાં છે, પણ શું?....



## અ.સૌ. હેમલતા દિનેશ કાનજી હરીયા

**(શેરડી - મુલુંડ)**

**અરિહંત શરણ : તા. ૧૮-૧૦-૨૦૨૫**

આંખલડી વરસે અમારી, ક્યાં તું ખોવાણી, અમારી પ્યારી બધાની લાડલી **હેમલતા**
આ કાન તરસે સાંભળવા તારી મધુર વાણી, જીવનની પ્રત્યેક ક્ષણ તે જીવતા જાણી
પ્રેમાળ સ્વભાવ તારો, જીંદાદીલ અને હસતો ચેહરો તારો
અદ્દભુત તમારી સુઝબુઝ અને કળા, ધર્મની ઊંડી સમજણ અને અડગ શ્રદ્ધા
મિત્રો, ઘર, પરિવારના તમે સાંકળ, આટલી શું જલ્દી હતી છોડી ગયા કુટુંબ પરિવાર....
શીઘ્ર મોક્ષગામી બનનાર તમારો આત્મા શાંતિ પામે અપાર...

**માતુશ્રી રતનબેન ભવાનજી ગેલાભાઇ ગડા (માપર-જબલપુર)**

| | | |
|---|---|---|
| ભાઈ-ભાભી | : હેમલતા વસંત ભવાનજી ગડા........ | માપર |
| ભાઈ | : કેતન ભવાનજી ગડા ........... | માપર |
| ભાઈ-ભાભી | : મીતા ચેતન ભવાનજી ગડા ......... | માપર |
| બેન-બનેવી | : કુંજલતા ડુંગરશી દેઢિયા......... | ગઢશીશા |
| | ટીના કિર્તી સાવલા .... | રામાણીયા-જબલપુર |
| ભત્રીજી-ભત્રીજીવર | : હીના જતીન સાવલા .. | નાની તુંબડી-છિંદવાડા |
| | પ્રિયા ચિરાગ ગાલા ..... | ફરાદી-ઓસ્ટ્રેલીયા |
| ભત્રીજી | : જીયા ચેતન ગડા ............. | માપર |
| ભાણેજ-ભાણેજવહુ | : અવની દેવેન ડુંગરશી દેઢિયા ..... | ગઢશીશા |
| | શ્રેયા જીત કિર્તી સાવલા ....... | રામાણીયા |
| ભાણેજી-ભાણેજીવર | : ડોલર મિરીક ગોગરી ....... | નાના ભાડીયા |
| ભાણેજી | : ચાર્મી કિર્તી સાવલા ......... | રામાણીયા |

(CLC-13130)

કામીલ - કાયના જતીન, રેયા - કેયા ચિરાગ, પરમ દેવેન

**નાની-નાના : માતુશ્રી ભચીબાઇ દેવજી પૂંજા (દેઢીઆ)**

BINITA S. MARU - 9869034162

દિવ્ય દૈદીપ્યમાન
# ડોણ નગરે

# ચાતુર્માસ પૂર્ણાહુતિ મહોત્સવ

## સમસ્ત ગામવાસીઓ, તમામ સંઘો, આમંત્રિત મહેમાનો અને નિયાણી બહેનોને સહ કુટુંબ પધારવા ભાવ ભર્યું આમંત્રણ

**શુભ આશિષ**
અચલગચ્છાધિપતિ આચાર્ય શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભ સાગરસૂરિજી મ.સા.
અચલગચ્છ શણગાર આચાર્ય શ્રી કવીન્દ્ર-વીરભદ્ર-મહોદય સાગરસૂરિજી મ.સા.

**પાવન નિશ્રા**
પ.પૂ.સુ.સા. વિરાગગુણાશ્રીજી મ.સા.,
પ.પૂ.સા. ૠજુગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. જિનરાજગુણાશ્રીજી મ.સા.

**સોમવાર તા. 27-10-2025 થી શુક્રવાર તા. 31-10-2025**

**પૂજ્ય ગુરુમૈયા ગુણોદયશ્રીજી મ.ની 50મી પુણ્યતિથિ નિમિતે પાંચ દિવસીય**
અખંડ જાપ સવાર-સાંજ, સંધ્યા ભક્તિ, વિશિષ્ટ તપસ્યા અભિગ્રહ આયંબીલ એકાસણા.
સવારે 9 થી 12 કલાકે : 3 કલાકની આરાધના, મહાવિદેહની ભાવયાત્રા પંચસુત્ર સંવેદના વિમલનાથ પૂજન જાપ ઈત્યાદી.

**શનિવાર તા. 1-11-2025 (કારતક સુદ-12)**

બપોરે 3.00 થી 4.30 કલાકે : **મુમુક્ષુ નરેન્દ્રભાઈના ઘરે સંઘ પગલાં અને સમૂહ સાંજી..**

**રવિવાર તા. 2-11-2025 (કારતક સુદ-13)**

સવારે 9.00 કલાકેથી : **ભવ્યાતિભવ્ય વર્ષીદાન રથયાત્રા અને મુમુક્ષુ બહુમાન**
પુરા દિવસના સાધર્મિક ભક્તિના લાભાર્થી - નરેન્દ્રભાઈની વર્ષીદાનની રથયાત્રા નિમિત્તે
**માતુશ્રી પાનબાઈ ભવાનજી દેવજી ગાલા પરિવાર**



**મુમુક્ષુ નરેન્દ્રભાઈ પાનબાઈ ભવાનજી દેવજી ગાલા**
(ડોણ-ચેમ્બુર)



**સોમવાર તા. 3-11-2025 (કારતક સુદ-૧૪)**

સવારે 9.00 થી 12.00 કલાકે : **શ્રી ગુરુ ગૌતમસ્વામી પૂજન અને જાપ**

**મંગળવાર તા. 4-11-2025 (કારતક સુદ-પૂનમ)**

સવારે 8.30 થી 11.30 કલાકે : **શ્રી શત્રુંજય મહાતીર્થ ભાવ યાત્રા અને 108 ખમાસમણા**
સાંજે 6.00 કલાકે : **ચોમાસી પ્રતિક્રમણ**
પૂનમના ભાતાના લાભાર્થી: **શ્રીમતી અરુણાબેન નરેન્દ્ર જેવત ગોગરી પરિવાર**

**નોંધ:** 1) તા. 1-11-2025 થી 5-11-2025 ત્રણે ટાઈમ સાધર્મિક ભક્તિ રહેશે.
2) મુમુક્ષુ નરેન્દ્ર ભાઈની દીક્ષા 5-12-2025, કચ્છ મોટી ઉનડોઠ મુકામે બહોળી સંખ્યામાં લાભ લેવા વિનંતી.
3) ધજા 2026 માટે કુપન વિતરણ ચાલુ છે... ડ્રો ધજાના બે મહિના આગાઉ કાઢવામાં આવશે.

(*1205)

લિ.
# શ્રી ડોણ જૈન સંઘ

KAMAL GRAPHICS: 9867093043



કચ્છ : કોટડી (મહાદેવપુરી) **અરિહંતશરણ** હાલે : થાણા-વેસ્ટ

# શ્રી નવિનકુમાર લીલાધર માણેક ગોસર

**માંદગીથી અરિહંતશરણ : તા. ૧૯.૧૦.૨૦૨૫ • ઉં.વ. ૭૩**

અમારા વ્હાલા સ્નેહમૂર્તિ બાલબ્રહ્મચારી શ્રી નવિનકુમારે માનસિક અક્ષમતાને ધર્મમય રાહની પગદંડી બનાવીને આજીવન અવિવાહિત રહીને ધર્મકરણી અને ઉદારતા-સદ્ભાવના-કરૂણાભાવ સાથે પૂ. ગુરૂભગવંતોની વૈયાવચ્છ સાથે જીવનને પથદર્શક બનાવ્યું. સરળ - સૌમ્યશીલ સ્વભાવી, સદ્ભાવનાની લાગણી ધરાવનારા પ્રેમના પરિમલમૂર્તિએ અંત સમયે પૂ. સાધ્વીજી મ.સા.ના ધર્મબોધનું શ્રવણ કરીને પ્રશાંત ચિત્તે માનવ દેહ પરિવર્તન કર્યું. હે પ્રભુ ! આપના શરણે આવેલ અમારા સ્નેહમૂર્તિને આપજો શાશ્વત સુખ - શાંતિ અને મોક્ષપદ એજ પરિવારજનોની પ્રાર્થના.

**દાદા-દાદી : માતુશ્રી નાનબાઈ માણેક મુરજી ગોસર.........કોટડી (મહાદેવપુરી)**
**નાના-નાની : માતુશ્રી ખેતબાઈ દેવરાજ ખીમજી ગાલા .......કોટડી (મહાદેવપુરી)**
**માતા-પિતા : માતુશ્રી હીરબાઈ લીલાધર માણેક ગોસર......કોટડી (મહાદેવપુરી)**

**પરમ ઉપકારી ગુરૂણી મૈયા : પ.પૂ. સાધ્વીજી શ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા. .........અચલગચ્છ**

**ભાઈ**
સ્વ. સતિષ લીલાધર ગોસર.......કોટડી (મહાદેવપુરી)

**ભાઈ-ભાભી**
હીનાબેન વિનોદ લીલાધર ગોસર..કોટડી (મહાદેવપુરી)
પારૂલબેન વિપુલ લીલાધર ગોસર .કોટડી (મહાદેવપુરી)

**બેન-બનેવી**
અમૃતબેન જીવરાજ નાનજી ખીમસરીયા ....રાયધણજર
વિમળાબેન ખીમજી શામજી દેઢિયા...........ગઢશીશા

**બેન**
મુલવંતીબેન લીલાધર ગોસર .....કોટડી (મહાદેવપુરી)

**ભત્રીજી-ભત્રીજીવર**
પ્રિયા મયુર ઔરાદે ....................કદેર (સોલાપુર)

**ભત્રીજા**
B.Tech. ઝેનીલ વિનોદ ગોસર ....કોટડી (મહાદેવપુરી)
સાહિલ વિપુલ ગોસર ............કોટડી (મહાદેવપુરી)

**ભાણેજ-ભાણેજવહુ**
મમતા તરૂણ ખીમસરીયા..................રાયધણજર
મિત્તલ હરીશ ખીમસરીયા..................રાયધણજર
ગીતા અતુલ દેઢિયા ..........................ગઢશીશા
અમીષ ખીમજી દેઢિયા ........................ગઢશીશા

**ભાણેજી-ભાણેજીવર**
પ્રિતી પરેશ હરખચંદ છેડા ......................ગોધરા
સ્વ. પુષ્પા જીવરાજ ખીમસરીયા...........રાયધણજર
જીજ્ઞા નિરવ પ્રેમજી હરીયા..........................ડુમરા

**કાકા-કાકી**
સાકરબેન કલ્યાણજી ગોસર ......કોટડી (મહાદેવપુરી)
વિજ્યાબેન મણીલાલ ગોસર......કોટડી (મહાદેવપુરી)

**કાકાઈ ભાઈ-ભાભી**
પ્રભાબેન તારાચંદ ગોસર .........કોટડી (મહાદેવપુરી)
રૂપલબેન ઉદય ગોસર ............કોટડી (મહાદેવપુરી)

**કાકાઈ બેન-બનેવી**
રેખાબેન ડૉ. નવિન ગડા.......................ભોજાય
ચંદ્રીકાબેન નવિન મારૂ........................હાલાપુર

નિશાબેન સંજય ગડા ........................ગઢશીશા
સ્વાતીબેન નિતુલ હરીયા........................દેવપુર

**નાનાણા પક્ષ**

**મામા-મામી**
લક્ષ્મીબેન માવજી દેવરાજ ગાલા ..કોટડી (મહાદેવપુરી)
નિર્મળાબેન નાનજી દેવરાજ ગાલા .કોટડી (મહાદેવપુરી)

**માસી-માસા**
જવેરબેન કલ્યાણજી દેવજી ગડા ...............વિંઝાણ
જેતબાઈ જીવરાજ લીલાધર ગોસર.......મંજલ રેલડીયા
કેસરબેન ખીમજી ભાણજી મારૂ..................ભોજાય
પાનબાઈ વિરજી ઉમરશી હેનીયા ..................વીઢ

**મામાઈ ભાઈ-ભાભી**
તારાચંદ માવજી ગાલા ...........કોટડી (મહાદેવપુરી)
રેખાબેન લહેરચંદ ગાલા ..........કોટડી (મહાદેવપુરી)
કિર્તીદાબેન સુરેશ ગાલા ..........કોટડી (મહાદેવપુરી)
સ્વ. અનીલ નાનજી ગાલા ........કોટડી (મહાદેવપુરી)
ગીતાબેન દિનેશ ગાલા ...........કોટડી (મહાદેવપુરી)
નીમિતાબેન દીપક ગાલા .........કોટડી (મહાદેવપુરી)

**મામાઈ બેન-બનેવી**
હંસાબેન દિનેશ મોતા.........................ભુજપુર
સ્વ. ભાવનાબેન નાનજી ગાલા ...કોટડી (મહાદેવપુરી)

**માસીયાઈ ભાઈ-ભાભી**
સ્વ. મુકેશભાઈ કલ્યાણજી ગડા ...............વિંઝાણ
હેમલતાબેન મહેન્દ્ર ગડા........................વિંઝાણ
કલ્પનાબેન મુલચંદ ગડા .......................વિંઝાણ
પુષ્પાબેન વલ્લભજી ગોસર............મંજલ રેલડીયા
નીતાબેન લક્ષ્મીચંદ ગોસર .............મંજલ રેલડીયા
અશોક વિરજી હેનીયા ................................વીઢ
લક્ષ્મીચંદ વિરજી હેનીયા.............................વીઢ
વિદ્યાબેન રાજેશ હેનીયા ..............................વીઢ

**માસીયાઈ બેન-બનેવી**
નાનબાઈ ચુનીલાલ નાગડા ..........................વીઢ
માલતીબેન નેમચંદ વીરા.........................દેવપુર

કુસુમબેન દિનેશ નાગડા.......................સણોસરા
ઉષાબેન ગાંગજી સાવલા.........................નાગ્રચા
પ્રેમિલાબેન પ્રફુલ્લ છેડા..............................વાંકી
વિમળાબેન શાંતિલાલ કારાણી ..................ડુમરા
નવલબેન લહેરચંદ શાહનંદ .......................ડુમરા
મંજુલાબેન અરવિંદ દેઢિયા................કોટડા-રોહા
ઉષાબેન હસમુખ ગડા ......................રાયધણજર
ચંદનબેન તારાચંદ નાગડા.........................શેરડી
કલ્પનાબેન મોહનલાલ ગડા ................રાયધણજર
વંદનાબેન લક્ષ્મીકાંત કારાણી.....................શેરડી

**માવિત્રના વેવાણ-વેવાઈ**
વાલબાઈ મોરારજી હરશી ગડા ...............ગઢશીશા
કુસુમબેન નાનજી રવજી છેડા ................તલવાણા
વાલબાઈ નાનજી નાગજી ખીમસરીયા ......રાયધણજર
લીલબાઈ શામજી જીવરાજ દેઢિયા.............ગઢશીશા

**ભાઈના વેવાણ-વેવાઈ**
સુરેખાબેન વિલાસ શિવાજી ઔરાદે ...કદેર (સોલાપુર)

**પરમ સ્નેહી**
દીપકભાઈ ધારસી ભેદા..............................મોખા
ગિરીશભાઈ ધારસી ભેદા............................મોખા
ડૉ. પ્રવિણ સાવલા ...................................કોડાય
ડૉ. મનોજ શાહ .......................................થાણા
તારાબેન રમેશભાઈ ગંગર........................મેરાઉ
શ્રી ટેંબીનાકા અચલગચ્છ જૈન સંઘ..............થાણા
શ્રી ટેંબીનાકા અચલગચ્છ યુવા મંડળ ...........થાણા
શ્રી કે.વિ.ઓ. થાણા જૈન સેવા સમાજ ..........થાણા
શ્રી કેશરીયા મહિલા મંડળ.........................થાણા
શ્રી ઈન્દ્રાણી પૂજા મંડળ.............................થાણા
નમઃ ભક્તિ સેતુ ગ્રુપ................................થાણા
ફેનિલ બિલ્ડીંગના રહેવાસી પરિવારજનો .........થાણા

**ઋણ સ્વીકાર**
શ્રી ટેંબીનાકા ખારીમાની ગ્રુપ......................થાણા
સેવક : જગદીશ માને ..............................થાણા

## નમ્ર નિવેદન : સદ્ગતશ્રીની ઈચ્છા અનુસાર પ્રાર્થના સભા રાખેલ નથી.

સદ્ગતશ્રીના આત્મશ્રેયાર્થે ૧૨ નવકારનું સ્મરણ કરવું. ◊ લૌકીક વહેવાર બંધ છે. ◊ ફોન/વોટ્સએપ/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી.

નિવાસ : **વિનોદ લીલાધર ગોસર** : 201/4/5, ફેનીલ બિલ્ડીંગ, ધોબીઆળી, માવલી મંડળ સ્કુલની બાજુમાં, થાણા (વેસ્ટ)-400601.

| વિનોદ ગોસર | હિના ગોસર | વિપુલ ગોસર | અમૃતબેન ખીમસરીયા | વિમળાબેન દેઢિયા |
|---|---|---|---|---|
| મો. 9821156624 | મો. 9167544651 | મો. 9987247241 | મો. 9320636864 | મો. 9833450411 |

**HPMG Shares & Stock Broking** THANE

**Zenil Gents Tailor** THANE

(CLA-13133)

ઉપરોક્ત સગાં-સંબંધીઓની નામાવલીમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયું હોય અથવા કોઈ ભુલચુક હોય તો ક્ષમાયાચના, મિચ્છામી દુક્કડમ્

દિનેશ દેઢિયા : 9820881876

# પ્રાર્થના સભા

કચ્છ
ગુંદાલા



મુંબઈ
મુલુંડ

# શ્રી જયંત રમણલાલ સતરા (શાહ)

જીવનયાત્રા : તા.૧૦-૧-૧૯૫૯ થી તા. ૧૮-૧૦-૨૦૨૫ | ઉ.વ. ૬૭

## અમારા પરિવારને પ્રકાશ આપતો સૂર્ય આજે આથમી ગયો...

સૌ પ્રત્યે સ્નેહભર્યા સંબંધો જાળવનારા, શાંત સ્વભાવી, પરોપકારી, કુટુંબપ્રેમી,
સંતાનોનું સુસંસ્કારી જીવન ઘડતર કરનારા, ધર્માનુરાગી, જીવદયાપ્રેમી
એવા અમારા પરિવારના વાત્સલ્યમૂર્તિનો આત્મા મોક્ષગામી હોજો એજ પ્રભુને પ્રાર્થના..

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | માતુશ્રી ઝવેરબેન રમણલાલ સતરા (શાહ). . . . ગુંદાલા |
| દાદી-દાદા | : | માતુશ્રી કુંવરબાઈ રામજી સતરા . . . . . . . . . . ગુંદાલા |
| નાની-નાના | : | માતુશ્રી નેણબાઈ લખમશી વીજપાર વીરા. . . નાંગલપુર |
| મોટા સાસુ-સસરા | : | માતુશ્રી ભાણબાઈ મોણશી વેલજી દેઢિયા . . . . ભોરારા |
| નાનાઈ સાસુ-સસરા | : | માતુશ્રી દેવકાબાઈ રાયશી કોરશી સંગોઈ . . સમાઘોઘા |
| સાસુ-સસરા | : | માતુશ્રી કેસરબેન વિશનજી મોણશી દેઢિયા . . . ભોરારા |
| જીવનસંગીની | : | પ્રભાબેન જયંતભાઈ રમણલાલ શાહ . . . . . . . ગુંદાલા |

ઉપકારી ગુરૂ ભગવંતો : પ.પૂ.આચાર્ય શ્રી ભાવચંદ્રજી સ્વામી, પ.પૂ. નિરંજન મુનિ, પ.પૂ. ચેતન મુનિ (સં.પક્ષે કાકા)
પ.પૂ. વડેરા પ્રભાવતીબાઈ મ.સ., પ.પૂ. વિભુતિભાઈ મ.સ., અચલગચ્છ પ્રવર્તિની મહત્તરા પ.પૂ.સા. શ્રી અરૂણોદયશ્રીજી મ.સા. (મા મારાજ)

## પ્રાર્થના સભા

**મંગળવાર, તા. ૨૧-૧૦-૨૦૨૫, સાંજે ૩.૦૦ થી ૪.૩૦ કલાકે**

**સ્થળ : હોટલ ટીપ ટોપ પ્લાઝા, એલ.બી.એસ.રોડ, તીન હાથ નાકા, થાણા (વે).**

(વેલે પાર્કિંગની વ્યવસ્થા છે)

ભક્તિ ગીત : રીટા હરીયા અને સાથી કલાકારો

(CLC-13118)

## અમારા પરિવારના સગા સંબંધીઓ, સ્નેહીજનો, આત્મીયજનોની નામાવલી

**પુત્ર-પુત્રવધુ**
સેજલ કેતન જયંત સતરા . . . . . . . ગુંદાલા

**પુત્રી**
હેતલ જયંત રમણલાલ સતરા . . . . . ગુંદાલા

**પૌત્રી**
હેલી કેતન જયંત સતરા . . . . . . . . ગુંદાલા

**ભાઈ-ભાભી**
સ્મિતા રોહિત રમણલાલ સતરા . . . . ગુંદાલા
કિરણ મનોજ રમણલાલ સતરા . . . . ગુંદાલા

**ભત્રીજા - ભત્રીજાવહુ**
ડિમ્પલ કાર્તિક રોહિત સતરા. . . . . . ગુંદાલા
ઉર્વી જયદીપ રોહિત સતરા . . . . . . ગુંદાલા
ખુશ્બૂ અમિત મનોજ સતરા . . . . . . ગુંદાલા
રાજવી ધર્મેશ મનોજ સતરા . . . . . . ગુંદાલા

**ભત્રીજા પુત્ર - પુત્રી**
જીનય કાર્તિક રોહિત સતરા . . . . . . ગુંદાલા
અમાયરા અમિત મનોજ સતરા . . . . ગુંદાલા
અવ્યાન ધર્મેશ મનોજ સતરા . . . . . ગુંદાલા

**ભાઈ - ભાભીતુલ્ય**
રતનબેન નેમચંદ વીરા. . . . . . . . નવાવાસ
જાગૃત્તિ હિતીન વિક્રમ . . . . . . મોટી ખાખર
વર્ષા વસંત નાગડા . . . . . . . . . . ભોજાય

**ફુઈ-ફુઆ**
નાનબાઈ રામજી પાસુ ધરોડ. . . . . . . પત્રી

**ફુઈયાઈ ભાઈ-ભાભી**
ગુણવંતી વસંત રામજી ધરોડ . . . . . . પત્રી

**ફુઈયાઈ બહેન-બનેવી**
પુષ્પાબેન જાધવજી હિરજી સાવલા. . પ્રાગપુર
મીનાબેન ચિમનલાલ પ્રેમજી ગડા . . . ગુંદાલા
ઉર્મિલા મૂલચંદ રામજી સૈયા . . . . . . બેરાજા
હંસા હસમુખલાલ પ્રેમજી ગડા . . . . . ગુંદાલા

**મામી - મામા**
જવેરબેન વસનજી લખમશી વીરા . નાગલપુર

**માસી-માસા**
લીલાવંતી નાનજી શાહ . . . . . . . નવાવાસ
ગુણવંતી મોરારજી નંદુ . . . . . . . . . કોડાય

**મામાઈ ભાઈ-ભાભી**
તારા શરદ વસનજી વીરા . . . . . . નાગલપુર

**——સસરા પક્ષ——**

**સાળા - સાળાવેલી**
ઈલા શાંતિલાલ વિશનજી દેઢિયા . . . ભોરારા
ભાવના હર્ષદ વિશનજી દેઢિયા . . . . ભોરારા

**સાળી - સાઢુભાઈ**
સુશીલા છોટાલાલ કાનજી ધરોડ. . . . . પત્રી
હિના પ્રવિણચંદ્ર માલશી છેડા . . . . રતાડીયા

**ભત્રીજા - ભત્રીજાવહુ**
નિશા ભાવિન શાંતિલાલ દેઢિયા. . . . ભોરારા

**ભત્રીજી - ભત્રીજીવર**
શીતલ પ્રભુ વેંકટરમન ઐયર . . . . . . મુંબઈ

**ભાણેજ - ભાણેજવહુ**
રીના કલ્પેશ છોટાલાલ ધરોડ . . . . . . પત્રી
અવની દીપેન પ્રવિણચંદ્ર છેડા. . . . રતાડીયા

**ભાણેજી-ભાણેજીવર**
સેજલ રિતેશ નેમીદાસ છેડા . . . . . ભુજપુર

**કાકાઈ સાસુ - સસરા**
કેસરબેન કરમશી મોણશી દેઢિયા . . . ભોરારા
રતનબેન રામજી મોણશી દેઢિયા . . . ભોરારા
સાકરબેન ગાંગજી મોણશી દેઢિયા . . ભોરારા

**ફુઈયાઈ સાસુ - સસરા**
નાનબાઈ વેરશી વેલજી ધરોડ . . . . . . પત્રી
દેવકાબેન દામજી પ્રેમજી ધરોડ. . . . . . પત્રી

**મામાઈ સાસુ - સસરા**
ચંચલબેન રતનશી રાયશી સંગોઈ . સમાઘોઘા
પ્રભાબેન મોરારજી રાયશી સંગોઈ . સમાઘોઘા

**માસીયાઈ સાસુ-સસરા**
પન્નાબેન પોપટલાલ લવજી શેઠીયા કારાઘોઘા

**વેવાણ-વેવાઈ**
જયવંતીબેન વિરેન્દ્ર વોરા . . . . . . નવાવાસ
શીલાબેન લક્ષ્મીચંદ ફુરીયા. . . . . . . બિદડા
જવેરબેન નેમચંદ બૌવા . . . . . . નૂતન ત્રંબૌ
રશ્મીબેન પ્રતાપ લોડાયા . . . . . . . . . તેરા
શિલ્પાબેન નિતિન ગાલા . . . . . . કાંડાગરા

**પરમ સ્નેહી**
ઉર્મિલા જેઠાલાલ વોરા . . . . . . . નવાવાસ
રેખાબેન રજનીકાંત શાહ . . . . . . . . કોડાય
મહેન્દ્ર રતનશી સંગોઈ. . ટોડા (રામદેવ ગ્રુપ)

વસંત ગલીયા . . . . . . . . . . . . . . લુણી
અલ્પા શૈલેશ ગંગર. . . . . . . . . . . છસરા
દીપા દીપક ભેદા. . . . . . . . . . . . . મોખા
લતા ગીરીશ ભેદા . . . . . . . . . . . . મોખા
ગીતા પ્રફુલ ગોગરી. . . . . . . . . . . . ડોણ
જાદવજી કાનજી વોરા . . . . . . . . . બિદડા
લીના ભાવેશ ગડા . . . . . . . . . . . રાયણ
પુષ્પા ધીરજ મોતા. . . . . . . . . . નવાવાસ
કુસુમ રમણીક મોતા . . . . . . . . . નવાવાસ
પુષ્પા પ્રકાશ સાવલા . . . . . . . . . ભુજપુર
ધનજી વેલજી બૌવા. . . . . . . . નૂતન ત્રંબૌ
વસનજી લખમણ કારીયા . . . . . . . . . રવ
પ્રેમજી જેઠાલાલ ગાલા . . . . . . . . આધોઈ
ધનજી જેઠાલાલ ગાલા . . . . . . . . આધોઈ
કિશોર કલ્યાણજી સાવલા . . . . . . . કોડાય
કિરણ છેડા . . . . . . . . . . . આદર્શ સ્વીટ
નિરંજન વસંત દાવકરે . . . . . . . . . થાણા
યોગેશ જાનકર . . . . . . . . . . . . . થાણા
આશિષ ચંદુલાલ કામદાર . . . . . . . . મુલુંડ
શરદ વલ્લભદાસ સંઘવી . . . . . . ઘાટકોપર
ચંદનબેન રમેશભાઈ રાજા . . . . . . . થાણા
દેવાંગભાઈ તન્ના . . . . . . . . . . . TJUK
કેયુર ભાટીયા. . . . . . . . . . . . . . TJUK
વીણા કીરીટ શાહ. . . . . . . . . . . . ચેમ્બુર
નિર્મળા અનિલકુમાર મહેશ્વરી. . . . . . . ખાર
અનિતા સુનિલ મહેશ્વરી . . . . . . . . . ખાર
ઉર્મિલા અજય મહેશ્વરી . . . . . . . . . ખાર
હીરા ઈંદર અહુજા . . . . . . . . . . . મુંબઈ
કમલેશ તપિશંકર ઘોર . . . . . . . . . . પુના
સતીશ ઉત્તેકર. . . . . . . . . . . . . . થાણા
અરૂણા મુકેશ સાવલા . . . . . . . . . ભુજપુર
ટીપ ટોપ સમસ્ત સ્ટાફ પરિવાર . પૂના-થાણા

**ઋણ સ્વીકાર**
સુ-મતિ ગ્રુપ (વિનોદ હરીયા) . . . . . . મુલુંડ

**સેવક**
ચંદુભાઈ ઠેકડે, સુજીતદાસ

**લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. • સદ્‌ગતના આત્મશ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા.**

ઉપરોક્ત નામમાં કોઈનું નામ શરત-ચૂકથી રહી ગયેલ હોય અથવા નામ લખવામાં ભુલ થયેલ હોય તો ક્ષમાયાચના.

નિવાસ : શ્રી જયંત રમણલાલ શાહ, સી-૨૩, ઈન્દ્રપ્રસ્થ, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

હેતલ - 98332 26699 | કેતન - 98331 11111 | મનોજ - 98200 46801 | કાર્તિક - 98335 55555

HOTEL TIPTOP INTERNATIONAL - PUNE

BINITA S. MARU - 9869034162

# અમારા પરમ કલ્યાણ મિત્ર
# શ્રી મનોજભાઈ શાહ ને માતૃવિયોગ
## શ્રી જયંતભાઈ સતરા (શાહ) ને આદરાંજલી

# શ્રી જયંતભાઈ રમણલાલ સતરા (શાહ)

કચ્છ : ગુંદાલા ■ મુંબઈ : મુલુંડ

દેવલોકગમન : તા. ૧૮-૧૦-૨૦૨૫



પ્રબળ પુરૂષાર્થ અને નિતીમત્તા વડે
યશસ્વી જીવન કારકીર્દીનું નિર્માણ કરતાની સાથે
કુટુંબપ્રેમી, પરોપકારની ભાવના,
દયા-કરૂણાભાવને હૃદયસ્થ રાખીને
સત્કાર્યોમાં મૂકભાવે સહયોગી બનનારા,
નમ્ર- મિલનસાર સ્વભાવી,
એમના જીવનમૂલ્યોને પ્રજવલિત રાખવા
શક્તિમાન બની રહીએ એજ
પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ
હૈતના હિમાલયરૂપી 'શ્રી જયંતભાઈ''ના
આત્મા પ્રતિ શ્રધ્ધાસુમન અર્પણ....

**લિ. : શ્રી આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ - શ્રી મનોજભાઈ શાહ ના કલ્યાણ મિત્ર પરિવાર**

(CLC-13121)

સંઘમાતા દમયંતીબેન મુરજી રતનશી ગડા (નાના રતડીયા)

સંઘમાતા વર્ષાબેન પિયુષ શાહ (મોટા આસંબીયા)
સંઘમાતા વિમળાબેન રતિલાલ શીવજી ગંગર (નાંગલપુર)
સંઘમાતા તારાબેન અનિલ નાનજી દેઢિયા (ગઢશીશા)
સંઘમાતા પ્રતિક્ષાબેન પરેશ શાહ (સુરેન્દ્રનગર)
સંઘમાતા પાનબાઈ દામજી કુરપાર વિસરીયા (નાગલપુર)
સંઘમાતા અમૃતબેન મણીલાલ છેડા (ગુંદાલા)


સંઘમાતા સંતોષદેવી વિવેકજી નાહર પરિવાર (કુચ્યેરા)
શ્રીમતી રીટાબેન સંદીપ શાહ (મુંદ્રા)
શ્રીમતી અંજલીબેન ધનેશ શાહ (સિહોર)
સંઘમાતા મંજુલાબેન ઉત્તમચંદ મોમાયા (વારાપધર)
સંઘમાતા કેસરબેન પ્રેમજી દેઢિયા (બિદડા)
સંઘમાતા મણીબેન હીરજી દેવજી મામણીયા (કુંદરોડી)

BINITA S. MARU - 9869034162

# અતૂટ મૈત્રીનો માંડવો મુરઝાયો
## અલવિદા દોસ્ત...

# શ્રી જયંત રમણલાલ સતરા (શાહ)
## (ગુંદાલા - મુલુંડ)

**અરિહંત શરણ : તા. ૧૮-૧૦-૨૦૨૫**



શબ્દો જડતાં નથી .... હૈયું રડે છે...
તમને સખા કહીએ કે ભાઈ...
મન સ્વીકારવા તૈયાર નથી કે તમે આજે અમારા માટે
ફક્ત એક તસ્વીરમાં રહી ગયા છો..
આમ અચાનક અમને હાથતાળી આપીને કાયમ માટે
અમારો સાથ છોડવાનું તમને કેમ સુઝ્યું દોસ્ત...
તમે રિસાઈને કેમ ચાલ્યા ગયા ભાઈ...?
તન-મન-ધનથી તમારી તત્પરતા તથા હકારાત્મક્તા
અમારા સ્મૃતિ પટલ પર સદાય માટે અંકિત થઈ જશે દોસ્ત...
તમારો દિવ્ય આત્મા જ્યાં પણ હોય ત્યાં મોક્ષગામી થાય
એવી અમ સૌની પરમ કૃપાળુ પરમાત્મા પાસે અંતરથી પ્રાર્થના...

**ઘણાં ઘા જાણે રુઝાવા માટે
બન્યા જ ન હોય...**

(CLC-13120)

**લી. સદાય તમારી યાદો વાગોળતાં...**

પ્રકાશ તલકશી સાવલા (ભુજપુર)
ધીરજ જગશી શાહ (મોતા) (નવાવાસ)
રમણીક જગશી શાહ (મોતા) (નવાવાસ)
રમેશ દામજી પોલડીયા (તલવાણા)

ધનજી વેલજી બૌવા (નૂતન ત્રંબૌ)
વસનજી લખમશી કારીયા (રવ)
પ્રફુલ પ્રેમજી ગોગરી (ડોણ)
ભાવેશ હેમચંદ ગડા (મોટી રાયણ)

BINITA S. MARU - 9869034162

# પ્રેમાળ, હસમુખા અમારા પુત્રતુલ્ય જયંતને અશ્રુભીની શ્રદ્ધાંજલી...

## સ્નેહાળ ભત્રીજાવધુ પ્રભાને પતિ વિયોગ...

ગામ
ગુંદાલા



હાલે
મુલુંડ

# શ્રી જયંત રમણલાલ સતરા (શાહ)

જીવનયાત્રા : તા. ૧૦-૧-૧૯૫૯ થી તા. ૧૮-૧૦-૨૦૨૫

જીવનમાં ખૂબ જ સકારાત્મકતા ધરાવનાર, સમતાના ધારક, સદાય હસમુખા,
ખંત, ખુમારી, જુસ્સા અને મજબુત મનોબળથી ભરપૂર...સંબંધોની પૂંજીમાં સ્નેહમૂર્તિ બની શોભતા...
સહજ અને સરળ બની સદ્‌ભાવનાની સરવાણી વહાવનારા....
સદાય હસતે ચહેરે, સૌને આવકાર આપનારા...યાદ તમારી હૈયે રહેશે...
આ ભવ્ય જીવને પરમાત્મા સિધ્ધપદ દેજો એ જ પ્રાર્થના છે અમારી...

લિ. ફુઈ-ફુઆ પરિવાર

## માતુશ્રી નાનબાઈ રામજી પાસુ ધરોડ (પત્રી)

ફુઈયાઈ ભાઈ-ભાભી : ગુણવંતીબેન વસંતલાલ ધરોડ ........... (પત્રી)
ફુઈયાઈ બેન-બનેવી : પુષ્પાબેન જાદવજી હીરજી સાવલા ...... (પ્રાગપુર)
ઉર્મિલાબેન (ઈન્દુબેન) મુલચંદ રામજી સૈયા . (બેરાજા)
મંજુબેન (મીના) ચીમનલાલ પ્રેમજી ગડા ... (ગુંદાલા)
હંસાબેન હસમુખ પ્રેમજી ગડા .......... (ગુંદાલા)
પુત્રીતુલ્ય : મીના જીતેન વસંતલાલ ધરોડ ............ (પત્રી)


(CLC-13122)

BINITA S. MARU - 9869034162


|| બિદડા સંઘના હૃદયસમ્રાટ શ્રી આદિનાથાય નમો નમઃ ||
શ્રી બિદડા દેરાવાસી જૈન સંઘ
Historical Moment
Mega Function
મુલુંડ (પૂર્વ) ની મહિમાવંતી ધરતી પર
મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર સ્વામી દ્વારા પ્રશંસિત
ભરત ક્ષેત્રમાં વિચરતા
અચલગચ્છના આદ્યસ્થાપક પ.પૂ.આ.ભ.
શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.
નિર્દિષ્ટ આત્મકલ્યાણકર સુવિશુદ્ધ સમાચારી,
શાસન ભક્તિના ઉચ્ચતમ આદર્શોને પ્રકાશ પાડતું
The Glory of Achalgachha ના
Auspicious Festival માં
સર્વે બિદડાવાસીઓને વિશાળ સંખ્યામાં
પધારવા ભાવભર્યું આમંત્રણ...
: પ્રેરણા દાતા :
અજોડ શાસનપ્રભાવક,
રજત વર્ષીતપના તપસ્વીરત્ન,
અનેક સંઘોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી
મ.સા.
Save the Date
25/26/27 Oct. 2025
Sat / Sun / Monday
Time 4 pm to 10 pm
શ્રાવકના
૧૧ વાર્ષિક કર્તવ્યમાંનો
એક કર્તવ્ય એટલે
જિનાલય ભવ્યતમ મહાપૂજા
Venue
Sumatinath Jinalay,
Navkamal Bhavan,
Hanuman Chowk,
Mulund (E)
નીત-નવી
વિધ વિધ
રંગોળીઓ
Attractive
ફુલોનો સજાવટ
Numerology
Knowledge
તમારી જન્મતારીખ અનુસાર ક્યા તીર્થંકરની વિશિષ્ટ આરાધના કરવા જેવી છે,
ક્યો Business Sector તમને વધુ અનુકુળ આવશે વગેરેનો અદ્ભૂત માર્ગદર્શન તમને સાંપડશે...
સામુદ્રિક શાસ્ત્રમાં કહેલ શરીર પર રહેલા લક્ષણો કેવું ફળ આપશે ?
ઉદાહરણ જેમના હાથના નખ લાલ હોય તો જીવનમાં શું અસર કરશે ? વગેરે બાબત પર પ્રકાશ પાડવામાં આવશે.
લિ. શ્રી બિદડા દેરાવાસી જૈન સંઘ - પ્રમુખ કેશવજી ખીમજી મારૂ તથા સર્વ ટ્રસ્ટીગણ
(CLB-13129)
BINITA S. MARU - 9869034162

# વ્હાલા વીરાને વ્હાલાંજલી

મનુષ્યભવની જીવનયાત્રા પૂર્ણ કરનાર કુટુંબના પુત્રને માન વંદના..



## શ્રી જયંતભાઈ રમણલાલ સતરા (શાહ)

(ગુંદાલા – મુલુંડ)

દેહવિલય : તા. ૧૮–૧૦–૨૦૨૫

આપનું સ્મરણ અમારા હૃદયમાં જીવંત રહે

સદાય...નિરંતર...

**માતુશ્રી ઝવેરબેન રમણલાલ સતરા (શાહ) (ટીપ ટોપ પરિવાર)**

**સ્મિતા રોહિત રમણલાલ શાહ**

ડિમ્પલ કાર્તિક શાહ

ઉર્વી જયદીપ શાહ

જીનય કાર્તિક શાહ

**કિરણ મનોજ રમણલાલ શાહ**

ખુશ્બુ અમિત શાહ

રાજવી ધર્મેશ શાહ

અમાયરા અમિત શાહ

અવ્યાન ધર્મેશ શાહ

**તમામ સ્ટાફ અને પરિવારના સભ્યો**

(CLC-13119)

Tip Top MITHAIWALA | Jeans Junction | HOTEL Tip Top PLAZA ROOMS • RESTAURANT • BANQUETS | Tip Top GRAND THALI RESTAURANT

BINITA S. MARU - 9869034162



## સંબંધે ભલે પાડોશીનો પણ ભાઈથી વિશેષ સંબંધ ધરાવનારા અમારા ભાઈતુલ્ય શ્રી જયંતભાઈને ભાવાંજલી

# શ્રી જયંતભાઈ રમણલાલ સતરા (શાહ)

**(ગુંદાલા – મુલુંડ)**

દેવલોકગમન : તા. ૧૮-૧૦-૨૦૨૫

અપાર સ્નેહ... લાગણીનું ઝરણું... એટલે જયંતભાઈ
સખા, પ્રેરણાસ્ત્રોત અને કાયમી મોજીલા પ્રવાસી એટલે જયંતભાઈ
સતત સહયોગ કરવાની ભાવનાને આત્મસાત કરનાર એટલે જયંતભાઈ
આપના વિરહની દરેક ક્ષણ અસહ્ય છે...
તેવી દરેક ક્ષણે અમને અને તેમના પરિવારજનોને
પ્રભુ તું સધીયારો આપજે એજ પ્રાર્થના...
સદ્ગતનો આત્મા જે પર્યાયમાં હોય ત્યાં નીજ સ્વરૂપને જાણી લે
એજ મંગલભાવના સહ હાર્દિક શ્રદ્ધાંજલી...

**શોકમગ્ન આપનો પારિવારિક મિત્રતુલ્ય પડોશી પરિવાર**


**અ.સૌ. અલ્પા શૈલેષ ગંગર (છસરા)**

અ.સૌ. દિશા આકાશ ગંગર (છસરા) ▪ અ.સૌ. રાશી પૂજન શાહ (ભુજપુર)

(CLC-13124)

BINITA S. MARU - 9869034162

## પુત્રતુલ્ય જમાઈ / બનેવી / સાઢુભાઈને...અંતરભીની આદરાંજલી.



# શ્રી જયંત રમણલાલ સતરા (શાહ)

દેવલોકગમન : તા.૧૮/૧૦/૨૦૨૫

ગામ કચ્છ – ગુંદાલા | મુંબઈ મુલુંડ

સૌ પ્રત્યે આદર, સદ્ભાવ અને સમભાવના વડે સંસાર યાત્રામાં સ્નેહના સ્વરોનું સર્જન કરી માનવ જીવનને યથાર્થ કરનારા, મુઠ્ઠી ઉંચેરા સ્વજનશ્રી **જયંતભાઇ** ના જીવનમાં રહેલા સેવા, સહયોગ અને સમર્પણના સદ્ગુણો સદૈવ અમોને સાંભરશે.

સદ્ગતના દિવગંત આત્માને પરમાત્માના ધામમાં સુખની શીતળ છાયા અને સનાતન શાંતી સાપડે.

**એમનો દિવ્ય આત્મા સત્વરે મોક્ષગામી બને એજ પરમ પ્રાર્થના.**

**લી. સાસરીયા પરિવાર**

સાસુ-સસરા : માતુશ્રી કેસરબેન વિશનજી મોણશી દેઢિયા.....ભોરારા
સાળા-સાળાવેલી: ઈલા શાંતિલાલ વિશનજી દેઢિયા................ભોરારા
ભાવના હર્ષદ વિશનજી દેઢિયા...................ભોરારા
સાળી-સાઢુભાઈ : સુશીલા છોટાલાલ કાનજી ધરોડ...................પત્રી
હિના પ્રવિણચંદ્ર માલશી છેડા..........રતાડીયા ગણેશ

(CLC-13105)

YOU TURN
an awareness
STOP • THINK • TURN • ACT

# JYF જૈન યુથ ફોરમ

Off C/o: V Ply, Diamond Mansion, Worli, Mumbai - 18. Mob: 9820288265
www.jainyouthforum.org
/JYF.JainYouthForum
/JYF.JainYouthForum

... સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ




# શ્રોતેન્દ્રિય

## ધોકો

## શ્રોતેન્દ્રિય એટલે કાન

**સૂત્ર પાઠે જેનું નામ 'અનમની' છે, જે સાંભળવાનું કામ કરે છે.**

### દુરૂપયોગ

ભગવાન મહાવીરનો પૂર્વનો ૧૮ મો ભવ **ત્રિપૃષ્ઠ વાસુદેવ ૩ ખંડના અધિપતિ** હતા. તેમને સૌથી વધારે **શ્રવણેન્દ્રિયની લોલુપતા** હતી. સંગીતના રસિક હતા. રાજસભામાં સંગીતનો જલસો ચાલુ રહેતો. **રાત્રે સૂતી વખતે પણ મધુર સંગીતનું શ્રવણ થાય તેવી વ્યવસ્થા કરી હતી.**

તેમણે પોતાના **શય્યાપાલકને આજ્ઞા** કરી હતી કે આ સંગીતના મધુર સ્વર **હું નિંદ્રાધીન ન બનું** ત્યાં **સુધી ચાલુ** રાખવું અને પછી સંપૂર્ણ બંધ કરવું. પણ **શય્યાપાલક** વાસુદેવના નિદ્રાધીન પછી પોતે એમાં **લીન થઈ ગયા** અને આજ્ઞાપાલન ભૂલાઈ ગયું. **વાસુદેવ જાગૃત થયા પછી ક્રોધિત થઈને** આજ્ઞાભંગની **સજા ફરમાવી** કે **શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડી દો.** શય્યાપાલક તરફડીને મૃત્યુ પામ્યો.

### સદુપયોગ

**ભગવાન મહાવીર પોતાની સાધનામાં લીન હતા** ત્યારે એક દિવસ **એક ગોવાળે** પોતાના **બળદોને સાચવવા** માટે તેમને કહ્યું. ગોવાળ ચાલ્યો ગયો. થોડીવાર પછી ત્યાં **બળદો ન હતા.** તેમણે **ભગવાનને પૂછયું. પણ તેઓ મૌન રહ્યા.** ગોવાળે શોધખોળ કરી, થાકી ગયો. પણ બળદ ન મળ્યા.

**થોડીવાર પછી જોયું તો બળદો ભગવાનની આજુબાજુ હતા.** તેણે **ક્રોધિત થઈને** ભગવાનને **અપશબ્દો** કહ્યા. **ગોવાળનો જીવ પૂર્વ ભવનો શય્યાપાલકનો જીવ હતો.**

**એણે ભગવાનના કાનમાં ખીલા ઠોક્યા. ભગવાને ઈન્દ્રિય પર કાબૂ રાખી સમભાવ રાખ્યો.**

શ્રવણ શક્તિ મળે ખૂબ પુણ્ય બળે,
પાંચે ઈન્દ્રિયમાં આ છેલ્લી મળે,
ચારેતરફના શોરમાં,
સમય પલપલ છલે,
શાસ્ત્રશ્રવણમાં હવે તો,
ઉપયોગ કરી લે....



## ૧૫ મિનિટ માટે કરીએ ચિંતન મનન


| | |
|---|---|
| • લાઉડ સ્પીકર પર મોટા અવાજે ગીતો સાંભળું છું ? ☐ | • હું ગુણી વ્યક્તિના ગુણગ્રામ સ્તવનના રૂપમાં બીજાને સંભળાવું છું ? ☐ |
| • કામવાળીને ઘરના કામ માટે કર્કશ શબ્દો સંભળાવું છું ? ☐ | • ઉપકારી વ્યક્તિને આભાર કે Thank You કહું છું ? ☐ |
| • વડીલોને દલીલના શબ્દો સંભળાવું છું ? ☐ | • વડીલોને ધર્મના ભાવો સંભળાવું છું ? ☐ |
| • કોઈના અવગુણ સાંભળાવા ગમે છે, મારી પ્રશંસા ગમે છે ? ☐ | • પોતાના અવગુણ સુધારી બીજાના ગુણ યાદ કરું છું ? ☐ |
| • કાનમાં સતત ઈયરફોન લગાડીને મનોરંજનમાં સમય પસાર કરું છું ? ☐ | • આખા દિવસમાં ઓછામાં ઓછી પાંચ મિનિટ ધર્મચિંતન કરું છું ? ☐ |

**- શાંત પળોમાં વિચારજો**

"બોલવા કરતાં સાંભળવું બમણું એટલે જ મળી છે, જીભ એક પણ કાન બે."

(CLBL-13089)

# પરહિતનું ચિંતન




સમતા રાખો    એકબીજાને ગમતાં રહીએ    લિ. JYF

Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.